





રક્ષણ કરે કોણ? ખૂદ જ તિજોરી ભેલાવે છે!
શિસ્તમાં રાખે કોણ? ખૂદ અંધાધૂંધી ચલાવે છે!
મેલાવે મર્યાદા ને કાયદાની કરે ઐસી-તૈસી-
હવે રોકે કોણ? સાસંદો જ આતંક ફેલાવે છે




ચૂંટણી માટે
ડબ્બાઓ'નું ચાલે છે
પક્ષ-સંન્ટીંગ
(પક્ષ-પલટા)

પક્ષો ના પેટે
અંબાણી બ્રધર્સનો
ભરાણો ગેસ!
(ડોનેસનનો ગોટો)

## ચિંતન

*લુબ્ધમર્થૈન ગૃહીયાત્ સ્તબ્ધમજ્જલિ કર્મણા । મૂર્ખ છંદોઅનુવૃત્તેન યથાર્થત્વેન પંડિતમ્ ॥*

'લોભીને દાન આપીને, અભિમાનીને તેની સામે નમ્ર થઇ હાથ જોડીને, મુર્ખની ઇચ્છાને વશ થઇ એને એની ઇચ્છાનુસાર કાર્ય-વર્તન કરવાની અનુમતિ આપીને, અને વિદ્વાન-પંડિતને સત્ય અને ન્યાયી વાત જણાવીને પ્રસન્ન કરી શકાય છે.'

લોભી-લાલચી-કંજૂસનો ધન-પૈસો એ જ નબળાઇ છે આવા લોકોને પૈસો આપીને રિઝવી-પ્રસન્ન કરી વશ કરી શકાય. કેટલાક લોકો અભિમાની-ઘમંડી અને અહમ્‌માં જ રાચતાં હોય છે એમનામાં ગુણ-સદ્‌ગુણો જ્ઞાન ન હોય છતાં ય સૌ એને માન-સન્માન આપે એવી અપેક્ષા રાખતા હોય છે.

કેટલાક લોકો મૂર્ખ અને જક્કી હોય છે એમની એકવાર 'હા' કે 'ના' થાય એને કોઇ સાચી સમજ આપી તેમનાં ખોટા 'નિર્ણય વિશે' સાચી સલાહ આપી છતાં એ અડગ રહે છે ઉલ્ટું સાચી સમજ આપનારાનું અપમાન કરે છે આવા માણસ વાર્યા ન વરે હાર્યા જ વરે-ઠોકર ખાતા પછી જ સમજે છે; એટલે આવાં લોકો જેમ કરે તેમ કરવા દેવાથી જ આપણી તો પ્રસન્નતા સચવાય જ છે.

જયારે વિદ્વાન-સમજુ લોકો એકવાર ખોટો નિર્મણ પણ લઇ લે અથવા આપણી કંઇ ભૂલ થઇ હોય - તો 'સત્ય હકીકત' કહેવાથી એમની પ્રસન્નતા થાય છે. એમની પોતાની ભૂલ હોય તો સ્વીકારે આપણી હોય તો ક્ષમા પણ આપી દે છે.

## સુવિચાર

- પુષ્પ ખીલે એ જીવનનો ઉત્સવ અને ખરી પડે એ મૃત્યુનો મહોત્સવ, ખરી પડવું એ ખીલવા માટેની પૂર્વશરત છે. જે ખરી ન શકે તે ખીલી શકે ખરું? **- જન કલ્યાણ**
- માણસ પણ ખીલે છે અને કાળક્રમે ખરી પડે છે, બહુ થોડા માણસો આ બે ઘટનાઓ વચ્ચેનાં ગાળામાં સુવાસ ફેલાવવામાં સફળ થતાં હોય છે. માણસની સુવાસ એટલે તેની માણસાઇનો મઘમઘાટ **- એસ. ભટ્ટાચાર્ય**
- આપણે વસંતઋતુ પર પૂરેપૂરો ભરોસો રાખી શકીએ છીએ એ ખરૂં પણ વસંતઋતુ આપણા પર પૂરેપૂરો ભરોસો મૂકી શકે તેવા આપણે રહ્યાં છીએ ખરાં **- મોરારિબાપુ**
- હું માનું છું કે ઉપવાસ વિના પ્રાર્થના ન હોઇ શકે અને પ્રાર્થના વિના સાચો ઉપવાસ ન હોઇ શકે **- ગાંધીજી**
- ભગવાન સાથેનું જુઠાપણું જેને શૂલની માફક ચટકે છે, ખટકે છે તે ખરો ભક્ત **- રમેશ ઓઝા**
- જીવનના રેડિયો ઉપર આનંદબ્રહ્મનું સ્ટેશન પકડાતું નથી એ માટે જરૂરી ફાઇન ટ્યુનીંગ આપણી પાસે નથી **- ડો. વિક્રમ સારાભાઇ**
- અણગમતા કે વણજોઇતા લોકોની દોસ્તીથી બચવાનું સુખ જેવું તેવું નથી હોતું **- જ્ઞાનસૂત્ર**

**(સંકલન : દીપક વી.આસરા)**

## બોધ કથા

પહેલાં સાહિત્યકારો-પ્રકાશકોમાં માતૃભાષા અને સાહિત્યની સેવાનો હૃદયપૂર્વક ભાવ છલકતો- ચણા-મમરા ખાઇને પણ કવિ નર્મદે 'કલમ'નો આશ્રય લીધો હતો.

હિન્દી ફિલ્મ જગતના પ્રખ્યાત શાયર સાહીર લુધીયાનવી પણ એક ઉર્દૂ વાર્તા-માસિક ચલાવતા હતા અને એમની યુવાનીમાં ઉર્દૂ વાર્તાકારો અને સાહિત્યકારોને પ્રકાશમાં લાવવાનો જ માત્ર હેતું હતો. માસિક ખોટ ખાઇને જ ચલાવતા હતા - પણ એમનો હેતુ ઉમદા હતો. એ માસિકનું નામ 'સાકી' હતું.

એકવાર એક નવોદિત વાર્તાકારની ખુબ સુંદર વાર્તા 'સાકી'માં છપાઇ-ખૂબ પ્રશંસા પણ મળી.

એ વાર્તાનો લેખક ગુસ્સે થઇ. સાહિર સાહેબ પાસે આવ્યો - અને બોલ્યો - અમારા જેવા વાર્તાકારોની વાર્તા છાપી તમે કમાણી કરો છો અને અમને નાનો પુરસ્કાર કેમ નથી આપતા?

લુધીયાનવી કહે, જો ભાઇ 'સાકી' પ્રકાશિત કરવા માટે મારો હેતુ તમારા જેવા નવોદિતને પ્રકાશમાં લાવવાનો જ છે બાકી 'સાકી' તો હું ખોટ ખાઇ ફંડફાળામાંથી જ ચલાવું છું.

લેખક કહે મારી એ કંઇ સાંભળવું નથી. આજે હું પુરસ્કાર લઇને જ જઇશ!

સાહિરની આંખે પાણી ઉભરાયાં કહ્યું, જો આ સામે ખીંટી પર લટકતો કોટ લઇ જા. એ વેંચીને 'પુરસ્કાર' લઇ લે જે! યુવાન લેખકે સાહિરને વંદન કર્યા અને અશ્રુ સાથે વિદાય લીધી.

Email - sureshchandrabhatt18@gmail.com

# પ્રેમ, લાગણી અને સંબંધ ઉછીના લેવાની જરૂર નથી!

### વિચાર યાત્રા

**- ડો. જય ઓઝા**

મુમકીન હૈ સફર હો આસાં, અબ સાથ ભી ચલકર દેખેં,
કુછ તુમ ભી બદલ કર દેખો, કુછ હમ ભી બદલ કર દેખેં.

**- નિદા ફાઝલી**

તમારામાં બેસ્ટ શું છે, એની ઓળખ તમે મેળવો અને એને જ વળગી રહો. ઝાકીર હુસેન તબલાં છોડીને સિતાર વગાડવા જાય તો એ ક્યારેય સૂરમાં ન વાગે. તમારા વર્તનને તમારું જ રહેવા દો. સુધારાની જરૂર લાગે ત્યારે સુધારો ચોક્કસ કરો પણ એ સુધારો કે વધારો પણ તમારો જ હોવો જોઈએ, કોઈનો ઉછીનો લીધેલો નહીં. યાદ રાખો, સહજતાથી વિરુદ્ધ જઈને ક્યારેય સાર્થક થવાનું નથી. ઓરિજિનાલિટી જ રીઅલ આઈડેન્ટિટી છે

દરેક વ્યક્તિ પાસે એક દિલ છે. દરેક પાસે પોતાની સંવેદનાઓ છે. દરેકની પ્રેમની પોતીકી વ્યાખ્યા છે. દરેક પાસે સ્નેહની સરવાણી છે. પ્રેમ પોતાની રીતે જ પાંગરે છે. લાગણી લાગ જોઈને ફૂટતી નથી. દરેકની રીત નોખી હોય છે. જે નોખું હોય છે એ જ અનોખું હોય છે. ફોટોકોપી ક્યારેય ઓરિજિનલ હોતી નથી. નકલ ક્યારેય અસલ હોતી નથી. દરેકમાં એક ખૂબી હોય છે. તમને તમારી ખૂબીની ખબર અને કદર હોવી જોઈએ. તકલીફ ત્યારે થાય છે જયારે આપણે કોઈને જોઈને એના જેવા થવાનો પ્રયત્ન કરીએ છીએ અને એમાં જ આપણે આપણી આઈડેન્ટિટી ગુમાવી દઈએ છીએ.

આઈડેન્ટિટી ક્રાઈસીસ એ આજની સૌથી મોટી ચિંતા છે. તમારી આઈડેન્ટિટી ગુમાવો નહીં, કારણ કે એ તમારી પોતાની છે. બે માણસમાં ફર્ક શું હોય છે? એ જ કે એ એકબીજા જેવા હોતા નથી. એ જ વસ્તુ એકને બીજાથી જુદી પાડે છે. ઈશ્વરે કેમ બધા જ માણસોને એકસરખા બનાવ્યા નથી? કારણ કે કુદરતને કૃત્રિમતા પસંદ નથી. તમે એકસરખા રોબોટ બનાવી શકો, એકસરખા માણસ નહીં. આપણે જયારે કોઈના જેવા બનવા જઈએ છીએ ત્યારે આપણે નેચરલ અને નેચર સામે બગાવત કરતાં હોઈએ છીએ. આ એવી બગાવત છે જેનું પરિણામ માત્ર ને માત્ર હાર હોય છે.

> **માણસ આખી દુનિયાને ઓળખવાના પ્રયાસમાં ઘણી વખત પોતાની ઓળખ જ ગુમાવી દે છે**

ક્વોટેશન, ઉદાહરણ,વાર્તાઓ, આત્મકથાઓ વાંચીને એના જેવા થવાનું નથી. માત્ર એનો સાર સમજી એને અનુસરવાનું હોય છે. અનુકરણ કરવાનું નથી. અનુવાદ અને ભાવાનુવાદ જેવી આ વાત છે. જિંદગીનું પણ એવું જ છે. તમારી જિંદગી તમારી રીતે જીવો. કોઈ કેવું જીવે છે, કોઈ કેમ રહે છે, કોઈ કેમ વિચારે છે અને કોઇ શું કહે છે એની ચિંતા ન કરો, એના જેવા થવાનો પ્રયાસ પણ ન કરો, કોઈના જેવા થવા જશો તો તમે તમારી જેવા પણ નહીં રહો.

બે કપલ બાજુ બાજુનાં ઘરમાં રહેતાં હતાં. બંને પતિ-પત્ની પોતાની જિંદગીમાં ખુશ હતાં. એક પત્ની તેની બાજુના કપલને જોતી રહેતી. એ બંને કેવી રીતે રહે છે, કેમ જીવે છે, કોણ, કોનું કેવી રીતે ધ્યાન રાખે છે એનાથી માંડી એ પોતાના પતિને ચા કેવી રીતે આપે છે તેનું પણ અનુકરણ કરતી. ધીમે ધીમે એનામાં કૃત્રિમતા આવતી જતી હતી. એ જે કરતી હતી એ નેચરલ ન હતું. જોઈને અને શીખીને એ બધું કરતી હતી. એક દિવસ તેણે પતિને પૂછયું કે હું જે રીતે બધું કરું છું એ તમને ગમે છેને ? પતિએ બહુ પ્રેમથી કહ્યું કે તું જે કરે છે એની પાછળની ભાવના ખરાબ નથી પણ તું જે કરે છે એ રીત બરાબર નથી. એટલા માટે કે એ રીત તારી નથી. એ બાજુવાળી સ્ત્રીની રીત છે. એ પણ ખરાબ નથી, એ એની રીતે સાચી અને સારી છે પણ તારી રીત સાચી નથી. તું જેમ રહેતી હતી એમ જ રહે. તારામાં જે ખૂબી હતી એ ગાયબ થઈ ગઈ છે. મને તો તું નેચરલ જ જોઈએ છે. તું મને પ્રેમ કર પણ તારી રીતે, કોઈની રીતે નહીં, તારી રીત શ્રેષ્ઠ છે, સાત્ત્વિક છે અને સહજ છે. ચા ટ્રેમાં ન આપ. તું ચા હાથોહાથ જ આપતી હતી. તને ખબર છે તારા હાથમાંથી કપ-રકાબી લેતી વખતે તારા હાથનો સ્પર્શ મને રોમાંચિત કરતો હતો. તું જેવી છે એવી રહે, કારણ કે તું બેસ્ટ છે. તારા જેવું કોઇ છે જ નહીં તો પછી તું બીજા જેવા થવાનો પ્રયત્ન શા માટે કરે છે?

તમે ચેક કરતાં રહેજો, તમે કંઈ અનુકરણ તો કરતાં નથીને? હા, ફેશન, ટ્રેન્ડસ અને લાઈફસ્ટાઈલ ચેન્જ થતી રહે છે. ફેશન અપનાવીએ એમાં કંઈ વાંધો નથી પણ સ્ટાઈલ તો તમારી પોતાની જ રહેવી જોઈએ. જિંદગી વિશે અસંખ્ય ક્વોટેશન અપાયાં છે પણ તમારી જિંદગીનું ક્વોટેશન તમે જ ઘડી શકો.હજારો મહાન લોકોની આત્મકથાઓ છે પણ તમે એ વાંચીને એની રીતે ન જીવી શકો. કોઈ મહાન માણસે એની મુશ્કેલીનો સામનો કર્યો હોય તો એમાંથી એટલી જ પ્રેરણા લેવાની રહે કે કોઈ પણ સંજોગોમાં હિંમત હારવી નહીં. એણે જે રીતે સામનો કર્યો હોય એ રીતે નહીં પણ તમને જે ફાવે અને તમને જે સૂઝે એ રીતે સામનો કરવો જોઈએ. આપણે બીજાની જેમ અને બીજા જેવડો જંપ પણ મારી શકતા નથી તો પછી બીજાની જેમ જીવી કેવી રીતે શકીએ.

તમારામાં બેસ્ટ શું છે, એની ઓળખ તમે મેળવો અને એને જ વળગી રહો. ઝાકીર હુસેન તબલાં છોડીને સિતાર વગાડવા જાય તો એ ક્યારેય સૂરમાં ન વાગે. તમારા વર્તનને તમારું જ રહેવા દો. સુધારાની જરૂર લાગે ત્યારે સુધારો ચોક્કસ કરો પણ એ સુધારો કે વધારો પણ તમારો જ હોવો જોઈએ, કોઇનો ઉછીનો લીધેલો નહીં. યાદ રાખો, સહજતાથી વિરુદ્ધ જઈને ક્યારેય સાર્થક થવાનું નથી. ઓરિજિનાલિટી જ રીઅલ આઈડેન્ટિટી છે. ગાંધીજીએ ક્યારેય કહ્યું ન હતું કે હું ગાંધીવાદી છું. તમે જેવા છો એવા જ થાવ તો જ તમારા જેવું કોઈ નહીં થાય.

બુદ્ધના પરમ શિષ્યનું નામ આનંદ હતું. આનંદ પણ બુદ્ધને પ્રિય હતા. આનંદ પણ બુદ્ધની જેમ જ સાધના કરતા. આનંદની એક જ ખ્વાહિશ હતી કે હું બુદ્ધ જેવો થાઉં. આનંદ બુદ્ધ જેટલી જ અને ક્યારેક તો બુદ્ધ કરતાં પણ વધુ સાધના કરતા હતા પણ તેની સાધના સિદ્ધ થતી ન હતી. આનંદને સાક્ષાત્કાર થતો ન હતો. આનંદને હંમેશાં થતું કે હજુ મોક્ષ થતો નથી, હજુ કંઈક ખૂટે છે. ખૂબ પ્રયત્નો કર્યા છતાં આનંદને સાક્ષાત્કાર થતો ન હતો. આખરે એક દિવસ આનંદે બુદ્ધને જ પૂછી લીધું કે સ્વામી, મારો મોક્ષ કેમ નથી થતો? મને સાક્ષાત્કાર કેમ થતો નથી? બુદ્ધ આ સવાલની જ રાહ જોતા હતા. બુદ્ધે કહ્યું કે આનંદ, તું શ્રેષ્ઠ છે, તું માત્ર એટલું યાદ રાખ કે તારે બુદ્ધ થવાનું નથી, તારે તો આનંદ થવાનું છે. બસ, એ ઘડીએ આનંદને સાક્ષાત્કાર થઈ ગયો, કારણ કે એ આનંદ થઈ ગયા હતા.

પિતા ગમે એવા સારા, આદર્શવાદી અને ઉમદા હોય તો પણ પુત્ર એના જેવો થઈ ન શકે. કોઈ પિતાએ પણ પોતાના પુત્રને એના જેવા બનાવવાનો પ્રયત્ન ન કરવો જોઈએ. પુત્ર કે પુત્રીને એના જેવા બનવા દો. કદાચ એ તમારા જેવા ન થઈ શકે પણ તમારાથી સારા ચોક્કસ થઈ શકે. આપણે બાળક નાનું હોય ત્યારથી તેને એવું જ ઠસાવવાનો પ્રયાસ કરીએ છીએ કે તારે આના જેવા બનવાનું છે. મોટા ભાગે ભણી ગણીને હોશિયાર થયા હોય, સારા પર્સન્ટેજ લાવ્યા હોય, વધુ રૂપિયા કમાતા હોય કે ચા હોદ્દા પર હોય એના જેવા બનવાનું આપણે કહેતાં રહીએ છીએ. કેટલાં મા-બાપ પોતાનાં સંતાનોને એવું કહે છે કે તું તારા જેવો બનજે, મારા કે બીજા કોઈના જેવો નહીં!

માણસ આખી દુનિયાને ઓળખવાના પ્રયાસમાં ઘણી વખત પોતાની ઓળખ જ ગુમાવી દે છે. તમારે પહેલાં તમને ઓળખવાના છે. હા, કોઈ આદર્શ હોઈ શકે પણ તેનું હન્ડ્રેડ પર્સન્ટ અનુકરણ જરૂરી નથી. એ જયાં પહોંચ્યા છે ત્યાં મારે પહોંચવું છે એ નક્કી કરવામાં કંઈ ખોટું નથી પણ ત્યાં પહોંચવાની રીત તમારી હોવી જોઈએ. કોઈના વિચારોને પણ તમારા વિચારો ઉપર હાવી થવા ન દો, કારણ કે તમારી પાસે જે વિચારો છે એવા કદાચ કોઈની પાસે નહીં હોય. સંકલ્પ કરો કે આઈ વોન્ટ ટુ બી મી. મારે મારા જેવું જ બનવું છે. શ્રેષ્ઠ થવાનો આ બેસ્ટ વિકલ્પ છે.

**છેલ્લો સીન :**

ઈશ્વર આપણા પક્ષે છે કે નહીં તેની ચિંતા ન કરશો, પણ આપણે ઈશ્વરના પક્ષે છીએ કે નહીં તેનો વિચાર કરતા રહેજો.

**- અબ્રાહમ લિંકન**

# આપણે સૌ પણ પ્રભુના જ સંતાન છીએ ને તો પ્રભુ કંઈ રીતે રાજી રહેશે જયારે એના પોતાના જ સંતાનો ભૂખ્યા હોય અને એને છપ્પન ભોગ ધરાવવામાં આવે

### ભગવાન સાથે ભોજન

**- લક્ષ્મી વાધવાણી (નિરંકારી)**

શિર્ષક વાંચીને નવાઇ લાગે છે ને? પણ એમાં કોઇ નવાઇ પામવા જેવું નથી. જો એવું હોય તો ભગવાનના/માતાજીના ભોગ/ભોજન માટે થાળ ગવાય છે તે શું ગવાત? પણ અહિં તો જુદી જ વાત છે. રાજ નામનો એક દસ વર્ષનો છોકરો પોતાની માતા પાસેથી સત્સંગની વાતો સાંભળતો. વાતો પરથી એણે અંદાજ બાંધ્યો કે ભગવાનનું અસ્તિત્વ તો છે જ. પણ ભગવાન કયાં છે તે પૂછતા તેને એક જ જવાબ મળતો કે ભગવાન બધામાં જ છે પણ આ બધું સમજવા માટે હજુ તું બહુ નાનો છે. આવું સાંભળી તે ઉદાસ થઇ જતો પણ મનમાં તેણે નક્કી કરી દીધું હતું કે હું ભગવાનને મળીશ જ.

એક દિવસ રાજ પોતાની શાળાની બેગમાં પુસ્તકોને બદલે એક જોડી કપડા ભરે છે અને થોડા પેકેટ કેકમાં મુકે છે. તે એકનો એક દીકરો હતો અને કેક હંમેશા એના ફ્રીઝમાં રહેતા જ હતા. તે ચાલતો ચાલતો જાય છે. ખૂબ ચાલ્યા પછી તેને એક બગીચો/પાર્ક દેખાય છે તે પાર્કમાં એક જગ્યા પસંદ કરીને ત્યાં બેસે છે. બેસીને તે દફ્તર ખોલીને તેનામાંથી કેકનું એક પેકેટ કાઢે છે. જેવો તે ખાવા માટે પેકેટ ખોલે છે એની નજર તેનાથી થોડે દૂર બેઠેલા એક વૃદ્ધ પણ સુંદર દેખાવડી મહિલા પર પડે છે. તે મહિલા ઉદાસ અને ભૂલી લાગે છે. તેથી રાજ તેને કેક ખાવા આપે છે. મહિલા તે કેક સહર્ષ અને સાભાર સ્વીકારી લે છે અને એક મધુર સ્મિત રાજને આપે છે. એનું સ્મિત એટલું સુંદર હતું કે રાજ તેને બસ જોયા જ કરે છે. રાજને આ ચહેરો અને સ્મિત બેઉ અલૌકિક લાગે છે. રાજ પોતે કેક ખાવાનું પણ ભૂલી જાય છે. પણ મહિલાનો કેક પૂરો થઇ જતાં તે બીજો કેક આપે છે. મહિલા તે પણ સ્વીકારી લે છે અને ફરી આભાર માનીને મધુર સ્મિત વેરે છે.

આમ, બંને જણ મોડે સુધી સાથે બેસીને કેક ખાય છે અને એકબીજા સાથે મધુર સ્મિતની આપ-લે કરે છે. બેયમાંથી એકે જણ એક શબ્દ પણ બોલતું જ નથી. પણ જાણે બંનેની વર્ષોની શોધ/તપસ્યા પુરી થઇ હોય તેવો સંતોષ બંનેના ચહેરા પર સ્પષ્ટપણે દેખાઇ આવે છે. પણ જેવું થોડું અંધારું થવા લાગે છે તો રાજ ઊભો થઇને મહિલાને મીઠું સ્મિત આપીને ચાલવા લાગે છે. પણ હજુ થોડા ડગલા ચાલ્યા હશે ત્યાં તે દોડીને પરત ફરે છે અને તે સ્ત્રીને ભેટી પડે છે. સ્ત્રી પણ તેને આલિંગન આપે છે અને એને ચૂમી લે છે.

રાજ પોતાને ઘરે પાછો ફરે છે ત્યારે એની મમ્મી દરવાજો ખોલવા આવે છે ત્યારે રાજને આટલો બધો ખુશ જોઇને તેને નવાઇ લાગે છે કારણ આ પહેલા રાજને ક્યારેય આટલો ખુશ કે સંતોષી એની મમ્મીએ નહોતો જોયો. તે રાજને પૂછે છે એવું તો તને શું મળ્યું છે કે તેં શું જોયું છે કે તું આટલો બધો ખુશ છે? તેને તરત જવાબ આપ્યો, 'મમ્મી આજે મેં ભગવાન સાથે ભોજન કર્યું.' એની મમ્મી કંઇ સમજે, વિચારે કે બોલે એ પહેલાં જ એણે ઉમેર્યું, મમ્મી એ એટલી તો સુંદર છે એને કરતાંય વધુ એનું સ્મિત સુંદર અને અલૌકિક છે. આવું સ્મિત કે આવી સુંદરતા, અલૌકિકતા મેં પહેલાં ક્યારેય જોઇ નથી.

બીજી બાજુ પેલી સ્ત્રી પણ પોતાના ઘરે પહોંચી ત્યારે ખુબ જ ખુશ લાગતી હતી અને ચહેરા પર સંતોષની લાગણી સ્પષ્ટ દેખાતી હતી. તેના ચહેરા પર શાંતિ દેખાતી હતી. તે જોઇને તેના પુત્રને આશ્ચર્ય સાથે પુછ્યું, 'શું છે બા આજે આટલી બધી ખુશ દેખાય છે. આ પહેલાં મેં તને આટલી ખુશ ક્યારેક જોઇ નથી. તો તેણે પણ એ જ જવાબ પુત્રને આપ્યો, 'તને ખબર છે દીકરા આજે મેં ભગવાન સાથે ભોજન કર્યું,' પુત્ર કંઇ સમજે, બોલે તે પહેલાં તો તે બોલી ઉઠી, 'તું માનીશ, મારા ધાર્યા કરતા પણ એ વધારે યુવાન છે.'

આના પરથી એવું નથી લાગતું આપણે ઘણી વાર સ્પર્શ, સ્મિત, નમ્ર, વચનો, પ્રમાણિકતાભર્યા શબ્દો, કાનની શ્રવણ શક્તિ વગેરેને ખૂબ ઓછા આંકીએ છીએ. આપણે જોઇએ છીએ કે પ્રભુનું અસ્તિત્વ છે જ અને એ આપણા સૌમાં છે છતાં એને કોઇએ ન જોયાનું પણ આપણે સાંભળીએ છીએ. માટે પ્રભુ કેવા છે, કેવા હશે એવું ઘણાં વિચારતા હશે પણ એવું નથી લાગતું કે પ્રભુના બનાવેલા જીવો જ કોઇને કોઇ રૂપમાં હંમેશા આપણી સમક્ષ આવતા હોય છે. તો એ રચનાકારની રચનાને કારણે શું એટલું જ મહત્ત્વ ન આપવું જોઇએ. કોને ખબર કયાં રૂપમાં એ આપણી સમક્ષ આવી જાય ને જાણ્યે અજાણ્ય આપણે એને રાજી કરી શકી. પણ એ તો ત્યારે જ શક્ય બનશે ને જયારે આપણે સૌમાં પ્રભુના દર્શન કરતાં થઇશું અને પ્રભુને જ અર્પણ કરીએ છીએ એવો ભાવ મનમાં હંમેશા લાવીશું, ભૂખ્યાને ભોજન ન આપીએ અને મંદિરમાંની માનવીની બનાવેલી મૂર્તિ આગળ છપ્પન ભોગ ધરીશું તો શું એ રાજી થશે. ગરીબ માનો લાડલો શિવજીના મંદિરની બહાર દૂધના બે ચાર ચમચા માટે તડપતો હોય ત્યાં એને દૂધ ન આપીને શિવજીની મૂર્તિ પર લોટા ભરી ભરીને દૂધ રેડી અને એ દૂધ બહાર નાળાઓમાં વહે તો કયાંથી શિવજી પ્રસન્ન થાય? માતાજીના લાખોની ચૂંટણી ચડાવવા માઇલો દૂર પગપાળા પણ જઇએ અને આપણી નજર સામે વસ્ત્રના અભાવે અર્ધનગ્ન હાલતમાં યુવતી, સ્ત્રી કે પછી ઠંડીમાં ધ્રૂજતા માનવને શું એક વસ્ત્ર ન આપી શકીએ? કોઇ પણ મા-બાપ એ વિચારે કે એમને લોકો માનપાન આપે, સારૂં સારૂં ખવડાવે, સારી રીતે બોલાવે પણ એમની જ નજર સામે એમના બાળકોને માન તો ન આપે ઉલટાના હડધૂત કરે તો શું મા-બાપ રાજી રહેવાના? શું પોતાના બાળકો સાથે એવું વર્તન કરનારા સાથે સંબંધ રાખવાનાં? જો ના, તો પછી આપણે સૌ પણ પ્રભુના જ સંતાન છીએ ને તો પ્રભુ કંઇ રીતે રાજી રહેશે જયારે એને પોતાના જ સંતાનો ભૂખ્યા હોય અને એને છપ્પન ભોગ ધરાવવામાં આવે, એની આગળ, દૂધ, ઘી અને તેલની નદીઓ વહેવડાવવામાં આવે? કાશ, આપણે પણ રાજ અને પેલી વૃદ્ધ સ્ત્રીના જેમ અન્યના પ્રભુના દર્શન કરી શકીએ.

# મૈત્રી એ મનની ભાષા છે, હૈયાના સુંવાળા સ્પંદનોની લાગણી નીતરતી પરિભાષા છે, એને વાંચવા માટે શબ્દકોષની જરૂર ન હોય, એ તો અદકેરી અનુભૂતિની વાત છે

### લાગણીનો મેળો

**- રસિક વાળંદ 'નિર્ઝર'**

"ગુસ્સે થયા લોક તો પથ્થર સુધી ગયા
મિત્રોના હાથ તો ખંજર સુધી ગયા!"

મૈત્રી એ જીવનની ઉષ્મા છે, હુંફાળો સ્પર્શ , કોઇકે લખ્યું છે કે :

"મિત્રતા જયારે ઝાકળની જેમ ખીલે છે ત્યારે તેની ભિનાશ કદાચ ન પણ સ્પર્શે પણ ફટકીયા મોતીની જેમ તૂટી પણ જાય ત્યારે તેની કરચો વાગ્યા વગર રહેતી નથી." મિત્રો જીવનમાં ખાલીપામાં રંગ પુરી જગતમાં સાથ આપે છે! ડો. ચંદ્રકાન્ત બક્ષીનાં શબ્દોમાં - "અજાત શત્રુ થવા માટે અજાત મિત્ર થવું પડે".

દોસ્તો મિતત્રાની મીઠી વીરડી જીવન રણને ભીનાશથી ભરી દે છે. ખાટામીઠા અનુભવો તો થતા જ રહેવાના પણ જીવનની મુગ્ધ પળોમાં મૈત્રીનું ઔષધ જ સંજીવની રૂપ બની રહે!! દોસ્તી તો ખુલ્લા દિલનો એકરાર છે. સોદો છે, એમાં "મારું-મારું સહિયારું" - ન હોય પણ... પણ કવિ રાજેન્દ્ર શુક્લના શબ્દોમાં - "લે મને ગમ્યું તે મારું, પણ જો તને ગમે તો તારું, મારૂં-તારૂં ને ગમવું પણ, લાવ - લાવ કરીયે સહિયારૂં... ઇટ્ટા-કિટ્ટા એક ઘડી ના, બાકી સઘળું પ્યારું પ્યારું." - તેથી જ તો કહેવાયું છે, મિત્રતા એ મીઠી જવાબદારી છે. મૈત્રી બાંધવી એ નાની અમથી ઘટના નથી આમ જોઇએ તો "શેરી મિત્રો સો મળે, તાળી મિત્ર અનેક, જેમાં સુખ દુ:ખ વામીએ, એ લાખોમાં એક." - મિત્ર તો અનેક મળશે પણ સાચી મૈત્રીનો સ્પર્શ તો મુશ્કેલીના એરણ પર પરખાય. મિત્રની પસંદગીમાં રસ, રૂચિ, વલણ આ બધું જ ધ્યાનમાં રાખવું પડે. સરખાપણું જ મિત્રતાને ખિલવી શકે. મિત્રની પસંદગીમાં ખુબ જ વિવેક રાખવો ઘટે કારણ કે સંગનો રંગ લાગતો જ હોય છે. એક પક્ષીય નહીં બલ્કે સમકક્ષ અને સમદર્શિતા હોય તો મિત્રતા નભી શકે. એક દુહામાં ગવાયું છે, 'મિત્ર એવો શોધવો, ઢાલ સરીખો હોય, સુખમાં પાછળ પડી રહે, દુ:ખમાં આગળ હોય.' - મિત્રની મુશ્કેલી એ મારી મુશ્કેલી એવી સમજણ જ મિત્રતાની નાવને તરતી રાખી શકે.

'ફ્રેન્ડશીપ ડે' મૈત્રી દિનની ઉજવણીનો એક લ્હાવો છે. મૈત્રીની પળોને યાદગાર બનાવવા કાર્ડસ, ગિફ્ટ જેવી ભેટ સોગાદોનું આદાન પ્રદાન મૈત્રીના મૂક અલિખિત કરાર જ છે!!

મિત્રો, મૈત્રી એ મનની ભાષા છે, હૈયાના સુંવાળા સ્પંદનોની લાગણી નીતરતી પરિભાષા છે, એને વાંચવા માટે શબ્દકોષની જરૂર ન હોય, એ તો અદકેરી અનુભૂતિની વાત છે. જેમ મૃત્યુ જીવનની અત્યંત દુ:ખદ ઘટના છે. તેમ જ પળે મૈત્રીની ગાંઠ બંધાય એ પળ જીવનની સુખદ ઘટના ગણાય.

મિત્રના અવસાનના સમાચાર માત્રથી આપઘાત કરતો ડિંભક અને ડિંભકના પ્રાણાર્પણ પછી જીવન ટૂંકાવી દેતો હંસ - એ શ્રીકૃષ્ણના સમયનાં આદર્શ મિત્રતાનાં જ્વલંત ઉદાહરણ છે. મિત્રતા એ શરતો કે કકારથી પર છે. શરતી મિત્રતા એ તો વેપાર ગણાય. સાચો પ્રેમ તો મરીને જીવવાનો મંત્ર છે. સ્વાર્થી - દંભી મિત્રતા તો કાગળના પુષ્પોમાં પ્રગટતી સુવાસ છે. મૈત્રીનો દેહ તો પ્રેમ, પવિત્રતા, પ્રવાહિતા, પારદર્શકતા, અન્યોન્યની પ્રાર્થના - આ પંચ મહાભૂતોથી ઘડાયેલો છે. "એકલો નહીં સાથે - આગળ વધવાની" અભિપ્સા મૈત્રીનો ધબકાર છે. પારદર્શક - સ્ફટિક સમુ નિર્મળ વ્યક્તિત્વ મૈત્રીને મૃદુતા બક્ષી શકે. ભેટ - સૌગાદ એ તો પ્રેમની અભિવ્યક્તિ જ છે. એકબીજાને મળ્યા પછી, "માત્ર તારું જ દિલ લઇ લીધું" નો અહેસાસ જીવનને ધન્ય બનાવી દે છે. મિત્રતામાં મુત્સદ્દીપણાને અવકાશ ન હોય, વિશ્વાસનો શ્વાસ જ મૈત્રીને જીવિત રાખી શકે. એમાં સ્વાર્થનું ટીપું સરખું પણ પડી જાય તો કડવાશના ઘુંટડા જ ભરવા પડે!!

આત્મીય યુવજનો! નિ:સ્વાર્થ - નિરપેક્ષ મૈત્રીના સાથિયા પૂરી જીવનની રંગોળી સજાવો... કોઇક વિચારકે કહ્યું છે, "મનુષ્યનું હૃદય એક મંદિર છે. તેનું દ્વાર જયારે કોઇ મનુષ્ય માટે બંધ થઇ જાય છે ત્યારે ઇશ્વર માટે પણ બંધ થઇ જાય છે." કવિ મેહુલ કહે છે - "એક વિશ્વાસમાં કેટલી દુર્દશા? ચિર પરિચિત કિનારે જ ભૂલા પડ્યા. એક વિશ્વાસનો કોયડો જિંદગી, જિંદગીના સહારે જ ભૂલા પડ્યા."

સમજપૂર્વક મૈત્રી અને સાચો વિશ્વાસ જ જિંદગીના કોયડાને ઉકેલી શકશે. દિલની સચ્ચાઇ સાથે - નિ:સ્વાર્થ મૈત્રીનો હાથ લંબાવી 'હાથ મેળવી' તો જુઓ!!! આવો સકળ વિશ્વના શુભ માટે મૈત્રીનું પવિત્ર ઝરણું વહાવીએ...

"મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું મુજ હૈયામાં વહ્યા કરો, શુભ થાઓ આ સકળ વિશ્વનું એવી ભાવના નિત્ય રહો!!"

***પારસમણિ :*** પોપટ જેવું મીઠું બોલવું, બગલાની જેમ ધ્યાન કેન્દ્રિત કરવું, બકરીની જેમ ચાવી ચાવીને ખાવું , હાથીની જેમ નિરાંતે આસન જમાવીને બેસવું - આ ચાર પ્રાણીની ખાસિયતો માણસે અપનાવવા જેવી છે.